FRIENDS

# શ્રાવણ માસ ઉજવો અવનવી ફરાળી વાનગીઓ સંગ

ગાંધીનગર, તા.૬

પ્રવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થઈ ચુકયો છે. શિવભકતોથી મંદિરો ઉભરાઈ રહ્યા છે. શ્રાવણ એટલે ભકિત તેમજ શકિતનો મહિનો....શ્રાવણ માસમાં ભકતો ઉપવાસ કરીને ભકિતમાં લીન થઈ જાય છે. ત્યારે પવિત્ર માસમાં ફરાળી વાનગીઓનું બજાર પણ ગરમ રહે છે. સ્વાદના શોખીન નગરજનો અવનવી ફરાળી વાનગી આરોગતા નજરે પડે છે. ફરસાણના વેપારીઓ દ્વારા પણ ત્રણ વિભાગો પાડવામાં આવ્યા છે. જેમાં નમકીન, આલુચાટ તેમજ ગરમાગરમ ફરાળી વાનગીનો સમાવેશ થાય છે. ભકતો માત્ર રૂ.૨૦ થી ૫૦માં અવનવી પસંદગીની ફરાળી વાનગીની મોજ માણી શકશે. આ વર્ષે મોંઘવારીએ માઝા મુકી હોવા છતા વેપારીઓએ ફરાળી વાનગીના ભાવમાં વધારો કર્યો નથી. શહેરના વિવિધ સ્થળો પર દુકાનો સહિત સ્ટોલ પર પીઝા થી પફ સુધીની ફરાળી વાનગીનું વેચાણ શરુ થઈ ગયુ છે. નગરજનો અવનવી ફરાળી વાનગી હોંશેહોંશે આરોગતા નજરે પડે છે. પવિત્ર શ્રાવણમાં ભોળાનાથની ભકિતમાં તરબોળ ભાવિકો ફરાળી અવનવી વાનગીઓનો ચટકો લેવાનું ચુકતા નથી.







પવિત્ર શ્રાવણમાસમાં ફરાળી વાનગીઓનું બજાર ગરમાગરમ છે. શહેરમાં ફરાળી વાનગીના વિવિધ સ્થળો પર સ્ટોલ લાગી ચુક્યા છે. ઉપવાસી ભકતો માટે સ્વાદીષ્ટ ચટાકેદાર વાનગી વેપારીઓ દ્વારા તૈયાર કરવામાં આવે છે. જેમાં ગરમાગરમમાં બફવડા, સાબુદાણાના વડા, સાબુદાણાની ખીચડી, પાત્રા, કટલેસ, પનીર પેટીસ, નારીયેળ પેટીસ, લીલા નારીયેળ પેટીસ, પીઝા, પફનો સમાવેશ થાય છે. જયારે ચાટ વિભાગમાં આલુ ટીક્કી, લીલીભેળ, આલુ ચાટ, ચાટ લચ્છા, ફરાળી ચેવળા ચાટ, દહીંવડા તેમજ નમકીનમાં ફરાળી ચેવડો, મસાલા ચેવડો, લીલો ચેવડો, ડ્રાયફુટ ચેવડો, સાબુદાણા ચેવડો, ડ્રાયભેળ, ફુલવડી, સેવ, ટમટમ, સીંગ ભુજીયા, રાજગરાના લોટના વડા, સુકી કાતરીનો ચેવડો, આલુ પાપડીનો સમાવેશ થાય છે. અત્યારે હાલ તો નગરના ભાવિભકતો શ્રાવણમાસમાં ભોળાનાથની ભકિતમાં લીન થઈને ફરાળી વાનગીની મોજ માણી રહ્યા છે. બજારમાં ફરાળી વાનગી કિલોના રૂ. ૨૦૦ થી વધુના ભાવે વેચાઈ રહી છે.નગરજનો ફરાળી વાનગીના અવનવા ટેસ્ટ સાથે શ્રાવણમાસમાં ઉપવાસ કરી રહ્યા છે. જેથી નગરનું બજાર અત્યારના સમયે ફરાળી વાનગીઓથી ભર્યુભર્યુ લાગેછે.જયારે વેપારીઓપણ જણાવી રહ્યા છે કેભકતો વિવિધ વાનગીના ટેસ્ટ માટે આવતા હોવાથી વિવિધ વાનગી તૈયાર કરવાનું અમને પણ ગમે છે.

## @ગાંધીનગર

● સે-૨૩માં આવેલ સ્વામિનારાયણ મંદિર ખાતે સાંજે ૫.૦૦થી ૮.૩૦ કલાક દરમિયાન લીલાછમ વનના કલાત્મક હિંડોળા યોજાશે.

● શ્રીજી શ્રીગોવર્ધનાથજીની હવેલી, સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન ગિરિરાજ ઉપર શ્યામ ઘટાના હિંડોળા યોજાશે.

● સે-૨ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે શંખ છીપલાના હિંડોળા યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા રાત્રે ૮.૩૦ કલાકે રૂદ્રપ્રસાદ ઓઝાના નિવાસસ્થાન પ્લોટ નં. ૧૮૦/૧, સે-૬-બી ખાતે શિવરૂદ્રાભિષેક તેમજ શિવ મહિમ્નના પાઠ યોજાશે.

● દશામા યુવક મંડળ દ્વારા રાત્રે ૯ કલાકે સે-૨૪ (જ-૧) બ્લોક નં. ૪ પાસે આવેલ દશામાના મંદિર ખાતે માતાજીના ગરબા યોજાશે.

● સે-૨૩, સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે જયંતિભાઈ જાનીના નિવાસસ્થાન ૨૫ વિરાટનગર ખાતે ભોળાનાથના શિવ મહિમ્ન પાઠ અને સ્તુતિ વંદના કરવામાં આવશે.

● સે-૨૬ સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા શૈલેષભાઈ દવેના નિવાસસ્થાન ૭૫/૨ કિસાનનગર ખાતે રાત્રે ૯ કલાકે શિવ મહિમ્નના પાઠ યોજાશે.

● શ્રી રામધામ વાવોલ ખાતે શિવકથા તેમજ વિવિધ બિસ્કીટના હિંડોળા યોજાશે.

● સે-૧ સમદર્શન આશ્રમ ખાતે શ્રાવણ માસ નિમિત્તે સાંજે ૬.૩૦થી ૮.૦૦ કલાક દરમિયાન વિષ્ણુ સહસ્રનામ વિષય ઉપર પૂજય ગુરૂમા સમાનંદજી દ્વારા શ્રાવણી સત્સંગ કરાશે.

● રૂદ્રાભિષેક મંડળ ગાંધીનગર દ્વારા સવારના ૮.૩૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન હરિઓમ શિવપ્રસાદ વ્યાસના નિવાસસ્થાન પ્લોટ નં. ૫૪૩/૧, કોલવડાનગર સોસાયટી સે-૨૮ ખાતે લઘુરૂદ્ર અભિષેક યોજાશે.

● દલિત સાહિત્ય વિમર્શ મંચના ઉપક્રમે સાંજે ૫.૪૫ કલાકે સે-૧૨, ડૉ. આંબેડકર ભવન ખાતે 'ઉના કાંડ' વિશે જાણીતા કર્મશીલ નારણભાઈ વાઘેલા દ્વારા વકતવ્ય અપાશે.

● સંસ્કાર ગૃપ દ્વારા સાંજે ૬.૩૦ કલાકે સે-૭ના બગીચા ખાતે ત્રિવિધ કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમ અન્વયે વરૂણદેવના વધામણા, વર્ષ ૨૦૧૬ ઓલમ્પિક રમત માટે ભારતીય ટીમને શુભેચ્છા તથા પ્રાર્થના અને જ્ઞાન સાથે ગમ્મતનો કાર્યક્રમ યોજવામાં આવશે જેનો લાભ લેવા સંસ્કાર ગૃપના પ્રમુખ તુષાર દવેએ જણાવ્યું છે.

## વાતવાતમાં

● ગાંધીનગર સિવિલ હૉસ્પિટલ ખાતે ચાલી રહેલી સ્વચ્છતા કામગીરી સંદર્ભે શનિવારે ડીવાયએસપી જે પી પટેલે હૉસ્પિટલની મુલાકાત લીધી હતી અને તમામ વિભાગો, વૉર્ડની મુલાકાત લઈ સ્વચ્છતા અંગે જાત તપાસ કરી હતી.

● ગાંધીનગર સમાચાર દ્વારા આરંભવામાં આવેલા વૃક્ષારોપણ અભિયાનના પ્રતિસાદરૂપે જુનિયર સિટીઝન્સ કાઉન્સિલ દ્વારા મુક્તિધામ ખાતે ૬૬૩ જેટલા રોપાની વાવણી કરવામાં આવી છે. આ રોપામાં ઔષધિય, ફળો અને ફૂલોના રોપા પણ સામેલ છે.

● ગાંધીનગર શહેરમાં વાદળો ઘેરાય છે એવા વરસતા નથી પરંતુ ચોમાસાની અસરો વર્તાઈ રહી છે. શહેર ઉપરાંત આસપાસના વિસ્તારોમાં મચ્છરોનો ઉપદ્રવ મોટા પ્રમાણમાં વધી ગયો છે અને સતત ભેજવાળું વાતાવરણ રહેતાં હવે નાગરિકો દ્વારા શરદી અને માથું ભારે થતું હોવાની ફરિયાદો પણ વ્યક્ત કરવામાં આવી રહી છે.

## સે-૩માંથી બે સંતાનો સાથે માતા લાપતા

ગાંધીનગર શહેરના સેકટર-૩-ડી ખાતે સ્થિત પ્લોટ નં. ૧૫૧૦/૧ ખાતે રહેતી ૩૩ વર્ષીય પરિણીતા ભાનુબેન જીજ્ઞેશભાઈ રાઠોડ ગઈ કાલે સવારે પોતાના બે સંતાનોને લઈને ઘરેથી કોઈને કાંઈ કહ્યા વગર ચાલી ગઈ હતી. ચાર વર્ષના પુત્ર મેઘરાજ અને બે વર્ષની પુત્રી ક્રિશાને લઈને માતા પતિ સાથેના કંકાશથી કંટાળીને ચાલી ગઈ હોવાનું જાણવા મળ્યું છે. ગુમ થઈ જનાર ભાનુબેનના દિયર આશિષભાઈ રાઠોડે સે-૭ પોલીસ મથકમાં જાણવાજોગ અરજી આપતા પોલીસે શોધખોળ શરુ કરી છે.

## મધુરી મનસુખલાલ વસા શાળામાં વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર કેળવણી મંડળ-કોબા સંચાલિત મધુરી મનસુખલાલ વસા શાળા ખાતે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વકતૃત્વ સ્પર્ધામાં વિષયોની પસંદગી વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને કરવામાં આવી હતી. જેમાં સ્વચ્છતા, યુવાની અને ફેશન, ભ્રષ્ટાચાર અને શિસ્તનું મહત્વ સહિતના વિષયો પર વિદ્યાર્થીઓએ અસરકારક રજૂઆત કરી હતી. આ સ્પર્ધામાં દિયા પટેલ પ્રથમ ક્રમાંકે, વિધી પટેલ દ્વિતીય ક્રમાંકે તથા તૃતીય ક્રમાંકે સૃષ્ટિ પટેલ અને દેવાંશી પટેલ વિજેતા બન્યા હતા. આ સ્પર્ધામાં ભાગ લેનાર દરેક સ્પર્ધકને અને વિજેતાઓને શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

## અંબાજીની ૨૮મી પદયાત્રા માટે નામ-નોંધણી

શ્રી જય અંબે પરિવાર ગાંધીનગર દ્વારા છેલ્લા સતત ૨૭ વર્ષથી ભાદરવા માસમાં ગાંધીનગરથી જગત જનની 'મા' જગદંબાના મનોરમ્ય અરવલ્લીની ગીરીમાળાઓમાં સ્થિત આરાસુર અંબાજીના અતિ પવિત્ર ધાર્મિક ધામની પદયાત્રાનું શ્રદ્ધા સહ સરથ સુપેરે આયોજન કરવામાં આવે છે. વર્તમાન ૨૮મા વર્ષની પદયાત્રા આગામી તા. ૭ થી ૧૩ સપ્ટેમ્બર દરમિયાન યોજાશે. પદયત્રામાં જોડાવા માંગતા ભાવિકોને તારીખ ૨૭ ઓગષ્ટ સુધીમાં પરિવારના કાર્યાલયમાં ફોર્મ ભરીને જમા કરાવવા મહામંત્રી વી.જે. પટેલે અનુરોધ કર્યોછે.



રોટરી કલબ ગાંધીનગર તથા પેન્શનર્સ સમાજ સે-૧ ગાંધીનગરના સહયોગથી ગાયત્રી મંદિર ખાતે વડીલ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વડીલ વંદના કાર્યક્રમ અન્વયે જે સભ્યોએ ૮૦ વર્ષ પૂર્ણ કર્યા હોય તેવા સભ્યોને પુષ્પગુચ્છ, પ્રમાણપત્ર અને સ્મૃતિભેટ આપીને સન્માન કરવામાં આવ્યું હતું તેમજ સર્વનું શેષ જીવન તંદુરસ્ત તથા નિરોગી રહે અને દીર્ઘાયુષ પ્રાપ્ત કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. આ પ્રસંગે પવિત્ર યાત્રાધામ બોર્ડના અધ્યક્ષ મહેન્દ્રભાઈ ત્રિવેદી, ગાંધીનગર શહેર વિકાસ સત્તા મંડળના અધ્યક્ષ આશિષભાઈ દવે, રોટરી કલબના પ્રમુખ નારણભાઈ પટેલ, પેન્શનર્સ સમાજ સે-૧ના એસ.ડી.આર. મલિક, રોટરી કલબના મહામંત્રી ડૉ. ભરતભાઈ બારોટ, દિલીપભાઈ પટેલ, અતુલ ગુપ્તા, પી.એમ. ચૌધરી તેમજ અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

## આજે સે-૩-ડી ખાતે બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૬

વારાણસી ખાતે શ્રી કન્હૈયાલાલજી મહારાજની વ્યાસપીઠે યોજાનાર શિવ મહાપુરાણકથામાં ભાગ લેવા જતા તમામ ભકતો માટે એક અગત્યની બેઠક તા. ૭ ઓગષ્ટને રવિવારના રોજ બપોરના ૨.૩૦થી ૩.૩૦ કલાક દરમિયાન શ્રી રામેશ્વર મહાદેવ, સે-૩-ડી ખાતે યોજાશે. કથામાં ભાવિકોને સમયસર ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

# સે-૧૩ પાસેથી ચોરીના એકસેસ સાથે એક શખ્સ ઝડપાયો

**પખવાડીયા પહેલા સેન્ટ્રલ વિસ્ટા ગાર્ડન પાસેથી એકસેસ ચોર્યુ હોવાની કબુલાત : ચાવી ભરાવેલી હતી એટલે ઉઠાવી લીધુ હતું**

ગાંધીનગર, તા.૬

શહેરના સેકટર-૧૩ના છાપરા રોડ પરથી નંબર પ્લેટ વગર એકસેસ લઈને નિકળેલા યુવાન શખ્સને એલસીબીની ટીમે પકડી પુછપરછ શરુ કરી હતી. પુછપરછમાં આ એકસેસ પખવાડીયા પહેલા જ સેન્ટ્રલ વિસ્ટાગાર્ડન બહારથી ચોરી કર્યુ હોવાનું બહાર આવતા ચોરીના એકસેસ સાથે આરોપીની ધરપકડ કરી લેવામાં આવી છે. એકસેસ પાર્કીંગમાં ચાવી ભરાવેલી હાલતમાં પડયું હોવાનું દેખાતા ઉઠાવી લીધું હોવાની કેફીયત પોલીસ સમક્ષ વાહનચોર આપી રહ્યો છે.



ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની સુચનાથી ગાંધીનગર એલસીબીની ટીમ વાહનચોરો પકડવા સક્ષમ છે ત્યારે પી.આઈ. આશુતોષ પરમારની ટીમના પીએસઆઈ વી.યુ. ગડરીયા તથા માણસો ગઈ કાલે સે-૧૩ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે હેડ કોન્સ્ટેબલ સંદિપકુમારને બાતમી મળી હતી કે સે-૧૩ છાપરા રોડ પરથી નંબર પ્લેટ વગરનું એકસેસ લઈને એક યુવાન પસાર થયો છે. ટીમે લોકેશન પર જઈને એકસેસ ઉભું રખાવી એકસેસના દસ્તાવેજો માંગતા ચોરી કર્યુ હોવાનું બહાર આવ્યુંછે. મુળ વિજાપુર તાલુકાના પિલવાઈ ગામનો અને હાલ સેકટર-૧૨ સી પ્લોટ નં. ૩૭૨/૨ ખાતે રહેતો દિગ્વિજય ઉર્ફે ભોલો ચંદ્રસિંહ વિહોલ એલસીબીના સકંજામાં ચોરીના એકસેસ સાથે આવી ગયો છે. ૨૭ જુલાઈએ સાંજે ઉદ્યોગભવનની સામેના બગીચા પાસે પાર્કિંગમાંથી એકસેસ ચોર્યું હોવાનું કબુલ્યું છે. એકસેસમાં ચાવી ભરાવેલી જોઈને તેણે એકસેસ ઉઠાવી લીધું હતું. એલસીબીએ એકસેસ રીકવર કરી આરોપીની ધરપકડ કરીને સે-૭ પોલીસને સોંપ્યો છે. અગાઉ પણ આ આરોપી ગટરના ઢાંકણા ઈન્ડિકા ગાડીમાં ચોરી કરીને લઈ જવાના ગુનામાં સે-૭ પોલીસના હાથે ઝડપાયેલો હોવાનું જાણવા મળ્યું છે.

# આજે પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર ખાતે છેલ્લા અઢી વર્ષથી નિયમિત રીતે દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે. જેનો ગાંધીનગરના સુજ્ઞ વાચકો ભરપુર લાભ લે છે. આ મહિને તા. ૭મી ઓગષ્ટના રોજ સવારના ૭.૩૦ થી ૯.૩૦ સુધી ઘ-૪ના સર્કલ ખાતે ઉદ્યોગ ભવન નજીક પુસ્તક પરબ યોજાશે.

માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી યોજાતી આ પુસ્તક પરબનો હેતુ માતૃભાષા ગુજરાતીના ગૌરવનો પ્રસાર કરી અને સારા પુસ્તકોના વાંચનનો પ્રસાર કરવાનો છે. સાથે સાથે પુસ્તકના આદાન પ્રદાનની પ્રવૃત્તિ વિકસે તથા લોકોમાં વાંચનની ટેવ કેળવાય તેવો તેનો શુભ આશય છે. ગુજરાતમાં ૮૦ જેટલા સ્થળોએ આવી પુસ્તક પરબ યોજાય છે.

પુસ્તક પરબનો લાભ લેવા માટે સર્વશ્રી કિશોર જીકાદરા, આશા સરવૈયા, પ્રજ્ઞા પટેલ, મુળજીભાઈ પરમાર, અશોકભાઈ ત્રિવેદી, સંજય થોરાત, રણછોડભાઈ પરમાર, ધુર્જટી પ્રજાપતિ, રમેશચંદ્ર શ્રીમાળી તથા દિશાંત ગર્ગ વગેરે સહયોગીઓએ પુસ્તક ભાવકોને અનુરોધ કર્યો છે.

# કુડાસણ સ્થિત મકાનને ઘરફોડીયાઓએ ટાર્ગેટ બનાવ્યું

**દરવાજાનો નકુચો તોડીને ઘરફોડીયા દાગીના તથા રોકડ મળી રૂ. ૫૨ હજારની મત્તા ઉઠાવી ગયા**

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરને અડીને આવેલા કુડાસણ ગામની સીમમાં સ્થિત એક મકાનમાં ઘરફોડીયાઓ ત્રાટકયા હતા.મકાનના દરવાજાનો નકુચો તોડીને ઘરફોડીયા સોના ચાંદીના દાગીના તથા રોકડ મળી ઘરમાંથી રૂ. ૫૨ હજારની કિંમતનો મુદ્દામાલ ઉઠાવી ફરાર થઈ ગયા હતા. આ મામલે મકાન માલિકે પોલીસને માત્ર જાણ કરી છે. પોલીસ ફરિયાદ કરવાનું કોઈ કારણોસર મકાન માલિકે ટાળ્યું છે.

કુડાસણ સ્થિત મનીષ કો.ઓપરેટીવ સોસાયટીના મકાન નં. ૧૧માં રહેતા મુકેશભાઈ કાંતિલાલ પરમારના બંધ મકાનને ઘરફોડીયાઓએ ટાર્ગેટ બનાવ્યુ હોવાનું ધ્યાને આવ્યું છે. બંધ મકાનના મુખ્ય દરવાજાનો નકુચો તોડીને અંદર ઘુસેલા ઘરફોડીયા સોના ચાંદીના દાગીના તથા રોકડ મળીને રૂ. ૫૨ હજારની મત્તા સાફ કરી ગયા હતા. ઘટના અંગે મકાન માલિક મુકેશભાઈ પરમારને જાણ થતા તેમણે ઈન્ફોસીટી પોલીસને ઘટનાથી વાકેફ કર્યા હતા. જો કે તેમણે ફરિયાદ આપવાનું ટાળ્યું છે.

## સેક્ટર-૭/૮ બસ સ્ટેન્ડ પાસે પાનબીડીના ગલ્લાનું તાળું તૂટ્યું

શહેરના વીઆઈપી માર્ગ ગણાતા ચ માર્ગ પર સેકટર-૭/૮ના બસ સ્ટેન્ડ પાછળ સ્થિત એક પાનબીડીના ગલ્લાને પણ તસ્કરોએ છોડયો નથી. ધોળે દિવસે ગલ્લાનું તાળુ તોડીને અંદરથી પરચુરણ રોકડ વકરો અને તમાકુના ડબ્બા, સિગારેટના ખોખા સહિતનો આશરે ૫ હજારનો માલસામાન ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. બપોરે ૧૨ વાગ્યાના અરસામાં ગલ્લાધારક પરેશ જાદવ ગલ્લાને તાળુ મારીને ઘરે જમવા ગયો અને ત્રણેક વાગ્યાના સુમારે પરત ફર્યા ત્યાં સુધીમાં કોઈ ખેલ કરી ગયું હતું.

# વ્યસનથી દૂર રહી સારા સંસ્કાર અપનાવો

**ગૂંજ ફાઉન્ડેશન દ્વારા આયોજિત બોરીજ પ્રા. શાળામાં વ્યસન મુકિત જાગૃતિ કાર્યક્રમમાં મેયર પ્રવિણભાઈ પટેલની શીખ : ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા અને હેલ્થ ઓફિસર ડી.એન. બારોટ પણ ઉપસ્થિત રહ્યા**

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરના ગૂંજ ફાઉન્ડેશન દ્વારા તા. ૬ઠ્ઠી ઓગષ્ટ શનિવારે બોરિજ પ્રાથમિક શાળામાં વ્યસન મુકિત જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગાંધીનગરના મેયર પ્રવિણભાઈ પટેલ, ડેપ્યુટી મેયર પ્રવિણભાઈ પટેલ, ડેપ્યુટી મેયર દેવેદ્રસિંહ ચાવડા, આરોગ્ય અધિકારી ડી.એન. બારોટ, સામાજિક અગ્રણી પ્રદિપસિંહ વાઘેલા, જાણીતા કોલમિસ્ટ સંજય થોરાત તથા ગૂંજ ફાઉન્ડેશના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.







ગાંધીનગરના મેયર પ્રવિણભાઈ પટેલે આ કાર્યક્રમમાં બાળકોને પોતાના પરીવારમાં જો કોઈ વ્યસન કરતું હોય તો તેનો વિરોધ કરવા અને જીવનમાં બાળકે પોતે વ્યસનથી દૂર રહેવા અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, 'વ્યસન એ તમારા જીવનને કોરી ખાતી ઉધઈ સમાન છે તેથી તમે વ્યસનનો ભોગ બનવાને બદલે નિષ્ઠાપૂર્વક અભ્યાસમાં ધ્યાન પરોવી સારી આદતો અને સારા સંસ્કાર અપનાવજો.' આ કાર્યક્રમમાં ગૂંજ ફાઉન્ડેશનના સભ્યોએ બાળકોને વ્યસનથી થતા ગેરફાયદા સમજાવવા એક શોર્ટ ફિલ્મ પણ દર્શાવી હતી. સામાજિક અગ્રણી પ્રદિપસિંહ વાઘેલાએ બાળકોને વ્યસનમુકત રહી સુખી અને સમૃધ્ધ જીવન જીવવા સાથે પોતાની આંતરિક પ્રતિભાને ખિલવવા પ્રેરિત કર્યા હતા. કાર્યક્રમના અંતમાં ગૂંજ ફાઉન્ડેશનના વિજયસિંહ માજીરાણાએ બાળકોને વ્યસનથી મુકત રહેવાના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે ગૂંજ ફાઉન્ડેશનના સભ્યો તથા શાળાના શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં તમામ બાળકોને ચોકલેટથી મ્હોં મીઠું કરાવવામાં આવ્યું હતું.

## ફ્રેન્ડશીપ ડેના અવસરે નિઃશુલ્ક ઝુમ્બા ડાન્સ વર્કશોપ

ગાંધીનગર, તા.૬

આજના તણાવગ્રસ્ત જીવનમાં યુવતિઓ અને મહિલાઓ ફિટનેસ પ્રત્યે જાગૃત બનતી જાય છે. વજન ઘટાડવા માટે તથા બોડીની ફલેકસીબીલીટી માટે ઝુમ્બા ડાન્સ દિનપ્રતિદિન લોકપ્રિય બન્યો છે ત્યારે ગાંધીનગરની મહિલાઓને ઝુમ્બા ડાન્સ અંગેની જાણકારી મળી રહે તે માટે નિઃશુલ્ક ઝુમ્બા ડાન્સ વર્કશોપનું આયોજન આવતીકાલે સાંજે ૬.૦૦ વાગે ઓપનએર થિયેટર ઘ-૫ ખાતે કરવામાં આવ્યું છે.

આ અંગે વિગતો આપતા બીએસ ડેન્સ ઝુમ્બા ફીટનેસના જયદીપ વ્યાસે જણાવ્યું કે ઝુમ્બા એ ડાન્સ અને એરોબિકસના સ્ટેપ્સનું એવુ મિશ્રણ છે જે દિન પ્રતિદિન લોકપ્રિય બની રહ્યું છે. શારીરિક દેખાવ અંગે જાગ્રત બનેલી આજની મોર્ડન યુવતીઓ અને મહિલાઓમાં ડાન્સનું આ નવું ફોર્મ લોકપ્રિય બની રહ્યું છે. કારણકે તેનો નિયમિત અભ્યાસ કરવાથી વેઈટલોસ તો થાય જ છે સાથે સાથે ફલેકસીબીલીટી વધે છે. મસલ ટોન થાય છે અને ડાન્સ શીખી શકાય છે. આવતીકાલે ફ્રેન્ડશીપ ડેના અવસરે ઓપનએર થિયેટર ખાતે ઝુમ્બા ડાન્સના આ વર્કશોપમાં ભાગ લેવા માટે જયદીપ વ્યાસે ગાંધીનગરની ફીટનેસ કોન્સીયશ મહિલાને અને યુવતીઓને આમંત્રણ પાઠવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. ગોકરનાથ મિશ્રા, ઉ.વ. ૮૫
- સ્વ. ચુનાજી રૂપસંગજી ઠાકોર, ઉ.વ. ૮૫